# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### ઉમરેઠ વિધાનસભાના 46 ગામોના 306 મતદાન મથકો પર વહેલી સવારથી મતદારોની કતારો જોવા મળી

# ‘ત્રણ એક્કાવાળી’ ઉમરેઠ બેઠકમાં 59 ટકા મતદાન થયું

**ઉમરેઠ વિધાનસભાની** પેટા ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ

(પ્રતિનિધિ) આણંદ તા.23

આણંદ જિલ્લાની ઉમરેઠ વિધાનસભાની ગુરૂવારના રોજ પેટા ચૂંટણી યોજાઈ હતી. આ પેટા ચૂંટણી માટે વહેલી સવારે 7-00 કલાકે મતદાન પ્રક્રિયાનો વિધિવત પ્રારંભ થયો છે. સમગ્ર મત વિસ્તારમાં શાંતિપૂર્ણ વાતાવરણ વચ્ચે મતદારો ઉત્સાહપૂર્વક પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. આ મતદાનમાં યુવાથી લઇ વયોવૃદ્ધ સૌ કોઇએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રથમ બે કલાકમાં જ 10 ટકા જેવું મતદાન નોંધાયું હતુ. જોકે, જેમ જેમ દિવસ ચડતો ગયો અને ગરમી વધતી ગઇ તે થોડા સમય માટે ઓટ આવી હતી. પરંતુ દિવસના અંતે 60 ટકા જેવું મતદાન નોંધાયું હતું. આ ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી અને કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નહતો.

ઉમરેઠ વિધાનસભાની ખાલી પડેલી બેઠક માટે ગુરૂવારે પેટા ચૂંટણી યોજાઈ હતી. ઉમરેઠ વિધાનસભા મત વિસ્તાર હેઠળ આવતા 46 ગામોના કુલ 306 મતદાન મથકો પર સવારે 7-00 વાગ્યાથી જ મતદાન શરૂ કરી દેવામાં આવ્યું છે. વહેલી સવારના ઠંડા પહોરે અને શાંત વાતાવરણમાં પોતાનો મત આપવા માટે મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને લોકો મોટી સંખ્યામાં મતદાન મથકો પર પહોંચી ગયા હતા. ઉમરેઠના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં લોકશાહીના આ પર્વની ઉજવણી શાંતિપૂર્ણ રીતે થઈ રહી છે.આ ચૂંટણીમાં યુવાનો, વૃદ્ધો અને દિવ્યાંગોએ પણ ઉત્સાહ દેખાડ્યો હતો. આ પેટા ચૂંટણી પર નજર રાખવા માટે ઓડ ખાતે જિલ્લા કક્ષાના કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો હતો. જ્યાં કેન્દ્રના ચૂંટણી પંચ દ્વારા નિમાયેલા જનરલ ઓબ્સર્વર માતાદિન મીણા અને જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણ ચૌધરી બારીકાઈથી નજર રાખી હતી.

ઉમરેઠની ચૂંટણીમાં પ્રથમ બે કલાકમાં 10 ટકા મતદાન નોંધાયું હતું. બાદમાં ધીમે ધીમે ટકાવારી વધી હતી. બાદના બે કલાકમાં વધી 15 ટકા જેવો ઉમેરો થયો હતો. આમ, સવારના 7થી 11 કલાક સુધીમાં 25.65 ટકા મતદાન નોંધાયું હતું. જેમાં 37,851 પુરૂષ, 25,205 મહિલા અને 3 અન્ય મતદાર મળી કુલ રૂ.63,059એ મતદાન કર્યું હતું. બાદમાં બપોરના 1 વાગ્યા સુધીમાં કુલ મતદાન 37.23 ટકા નોંધાયું હતુ અને બપોરના 3 વાગ્યા સુધીમાં 46.65 ટકા પહોંચી ગયું હતું. જોકે, નમતી બપોર બાદ મતદાનમાં ઝડપ જોવા મળી હતી અને 5 વાગ્યા સુધીમાં 54.42 ટકા થયું હતું.

આ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કુલ 1.33 લાખથી વધુ મતદારોએ પોતાના પવિત્ર મતાધિકારનો ઉત્સાહપૂર્વક ઉપયોગ કર્યો હતો. મતદાનમાં 71,429 પુરૂષ અને 62,198 મહિલા મતદારોએ ભાગ લઈ લોકશાહીના પર્વને સફળ બનાવ્યું હતું. ઓડ ખાતેના કંટ્રોલરૂમથી જિલ્લા ચૂંટણી તંત્ર અને ઓબ્ઝર્વરની દેખરેખ હેઠળ સમગ્ર મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી.





### યુવા શક્તિનો સંકલ્પ

ઓડ ખાતે 20 વર્ષીય દિવ્યા પટેલે પ્રથમ વખત મતદાન કરીને અન્ય યુવાનોને પણ અચૂક મતદાન કરવા પ્રોત્સાહિત કર્યા હતાં. તેમણે લોકશાહીને જીવંત રાખવા માટે દરેક મતને કિંમતી ગણાવ્યો હતો.



### અડગ મનોબળ

70 વર્ષીય જનકભાઈ દરજી શારીરિક અશક્તતા હોવા છતાં મક્કમ મનોબળ સાથે વ્હીલચેર પર મતદાન કરવા પહોંચ્યા હતાં. પગની તકલીફ છતાં તેમણે મતદાનને પોતાની સર્વોપરી ફરજ ગણાવી પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### ઉમરેઠમાં આંગણવાડી બહેનોએ સ્વયંસેવક તરીકે સરાહનીય કામગીરી કરી



ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણીમાં આંગણવાડી કાર્યકર બહેનોએ સ્વયંસેવક તરીકે નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવી હતી. આ બહેનોએ મતદાન મથકે આવતા દિવ્યાંગો, બાળકોની માતાઓ અને વૃદ્ધ મતદારોને વિશેષ સહાય કરી મદદરૂપ બન્યા હતા. 312 આંગણવાડી બહેનોએ મતદાન મથકો પર સ્વયંસેવક તરીકે જોડાઈને ફરજ બજાવી હતી. વૃદ્ધો-દિવ્યાંગોને મતદાનમાં સહાય કરવા સાથે ‘મોબાઈલ બેગ’ દ્વારા ફોન સાચવવાની નવતર સુવિધા પૂરી પાડી હતી. આ નિ:સ્વાર્થ સેવાને કારણે મતદાન પ્રક્રિયા સુગમ બની અને વરિષ્ઠ નાગરિકોમાં સંતોષની લાગણી જોવા મળી હતી.

### ઉમરેઠમાં 20 વર્ષની યુવતીથી લઈ 93 વર્ષના વયોવૃદ્ધમાં અનેરો ઉત્સાહ



ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણી 2026 અંતર્ગત ગુરૂવારે ઓડ ખાતેના મતદાન મથકો પર મતદારોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારથી જ મતદાન મથકો પર લાંબી કતારો લાગી હતી, જેમાં ફર્સ્ટ ટાઇમ વોટર્સથી માંડીને શતાયુને આરે પહોંચેલા વડીલોએ લોકશાહીના પાવન પર્વમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી. આમ, યુવા, દિવ્યાંગ અને વયોવૃદ્ધ મતદારોના સહિયારા ઉત્સાહે ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીના આ પર્વને સફળ બનાવ્યો છે.



### ઉમરેઠ વિધાનસભાના 306 મતદાન મથકો પર વેબ કાસ્ટિંગ દ્વારા બાજ નજર રાખવામાં આવી

ઉમરેઠ વિધાનસભાના તમામ 306 મતદાન મથકો પર અત્યારે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા ચાલી રહી છે. ઓડ ખાતે કાર્યરત જિલ્લા કક્ષાના કંટ્રોલ રૂમથી જનરલ ઓબ્ઝર્વર માતા દિન મીણા અને કલેક્ટર પ્રવીણ ચૌધરી નિરીક્ષણ કરી રહ્યા છે. વેબ કાસ્ટિંગના માધ્યમથી દરેક મતદાન મથકની ગતિવિધિઓ પર કંટ્રોલ રૂમ દ્વારા સીધી અને બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે. ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા જળવાય તે માટે વહીવટી તંત્ર દ્વારા આધુનિક ટેકનોલોજીના ઉપયોગ સાથે સતત મોનિટરિંગ કરવામાં આવે છે.

### વયોવૃદ્ધ - દિવ્યાંગ મતદારો માટે તંત્ર દ્વારા વાહન સુવિધા કરાઇ

આણંદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઉમરેઠ વિધાનસભાના ગામોમાં મતદારોને મતદાન મથક સુધી લાવવા-લઈ જવા માટે ૦૬ જેટલા વાહનોની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ આયોજન હેઠળ દિવ્યાંગ અને વયોવૃદ્ધ મતદારોએ વહેલી સવારથી જ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું. સવારે 7-00 વાગ્યાથી શરૂ થયેલા મતદાનમાં અનેક મતદારોએ ઘરઆંગણે મળેલી આ પરિવહન સેવાનો લાભ લીધો હતો. આ પહેલથી લોકશાહીના પર્વમાં વયોવૃદ્ધ અને અશક્ત મતદારોની ભાગીદારી સુનિશ્ચિત થઈ છે.




**અનામત બેઠકોનું ગણિત - બદલાતી વોટિંગ પેટર્નથી સમીકરણો ગૂંચવાયા**

# પેટલાદ: ‘કેસરિયા’સામે અપક્ષોની ‘પબ્લિક પેનલ’એ પડકાર આપ્યો!

**અપક્ષના 20** ઉમેદવારો રોજેરોજ કોઈને કોઇ અપસેટ સર્જી રહ્યા છે




(પ્રતિનિધિ) પેટલાદ તા.23

પેટલાદ પાલિકાની ચુંટણીમાં રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારોનો પ્રચાર અંતિમ તબક્કા તરફ આગળ વધી રહ્યો છે. તેવામાં રોજેરોજ રાજકીય સમીકરણો બદલાઈ રહ્યા છે. આ વખતે અનામત બેઠકો વધવાને લીધે મતદાનની પેટર્ન પણ બદલાઈ રહી છે. બીજી તરફ ભાજપના 22 ઉમેદવારો સામે અપક્ષના 20 ઉમેદવારો રોજેરોજ કોઈને કોઈ અપસેટ સર્જે છે. આ ઉપરાંત અપક્ષો ભાજપની પેનલ તોડી અંદરખાને ઘુસી જઈ પબ્લિક પેનલ ઉપર કામ કરતા થઈ ગયા હોવાનું જાણવા મળે છે. જેથી હવે ગણતરીના દિવસોમાં ભાજપની પેનલ માટે આવી પબ્લિક પેનલ પડકારરૂપ બને તો નવાઈ નહીં.

પેટલાદ નગરપાલિકાની સામાન્ય ચુંટણી મતદાન તરફ આગળ વધી રહી છે. આ વખતે 36 પૈકી 3 અનુ.જાતિ, 10 પછાત વર્ગ, 12 મહિલા સામાન્ય અને 11 સામાન્ય બેઠકોનો સમાવેશ થાય છે. આમ અનામત બેઠકો ગત ચુંટણી કરતા વધીને કુલ 25 થઈ ગઈ છે. આ તમામ બેઠકો ઉપર ભાજપ, કોંગ્રેસ, આપ, બસપા અને અપક્ષ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. આખરી યાદી સુધીમાં 10 બેઠકો બિનહરીફ થઈ હતી. જેથી 26 બેઠકો માટે હાલ 56 ઉમેદવારો ચુંટણી મેદાનમાં છે. આ 9 પૈકી વોર્ડ નં.3ની તમામ 4 બેઠકો બિનહરીફ છે. એ સિવાય યોજાઈ 8 પૈકી વોર્ડ નં.2, 4, 5, 7, 8 અને 9 માં કોંગ્રેસ, આપ અને અપક્ષના ઉમેદવારો ભાજપની પેનલને ટક્કર આપી રહ્યા છે. આમ અનામત બેઠકો વધતા વોર્ડ નં.2, 4, 5, 7 અને 9ના મતદાનની પેટર્ન બદલાઈ રહી છે.

ભાજપ માટે સૌથી મોટી તકલીફ એ છે કે જો પેનલ વધારે ચાલે અને સામાન્ય કરતાં અનામત બેઠકના ઉમેદવારને મત વધારે મળે તો સામાન્ય બેઠક ગુમાવવાનો વારો આવે. જો પેનલ ઓછી ચાલે તો અનામત બેઠક જવાનો ડર રહે. હવે ભાજપની સામે જે કોંગ્રેસ, આપ કે અપક્ષ ઉમેદવારો લડી રહ્યા છે તેઓમાંથી કોઈપણ ભાજપની પેનલને તોડીને ઘુસી જાય તો પણ ભાજપને બેઠકોમાં નુકશાન કરી શકે તેવી પરિસ્થિતી જોવાઈ રહી છે. આવા રાજકીય સમીકરણો વચ્ચે વોર્ડ નં.2, 4, 5, 7 અને 9 ની ચુંટણી ભારે ખેંચતાણ વાળી થવાના એંધાણ વર્તાઈ રહ્યાં છે. તમામ ઉમેદવારોનો પ્રચાર આવતીકાલે સાંજે પાંચ વાગ્યે પૂર્ણ થનાર છે. ત્યારપછીના 36 કલાક દરેક ઉમેદવારો માટે કરો યા મરોની સ્થિતી સર્જનાર હોવાનું જાણવા મળે છે. ઉપરાંત ઉનાળાની કાળઝાળ ગરમીમાં દરેક ઉમેદવારો વધુને વધુ મતદાન પોતાની તરફેણનું કરાવવા અત્યારથી જ સોગઠા ગોઠવી રહ્યા છે.

## આંકલાવના બાકીદારને ચેક રિટર્ન કેસમાં 3 માસની કેદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.23

આંકલાવના ભાઈલાલ પરમારે કેડીસીસી બેંકની આંકલાવ શાખામાંથી ધિરાણ મેળવ્યું હતું, પરંતુ રકમ સમયસર ન ભરતા બેંક દ્વારા ઉઘરાણી કરવામાં આવી હતી. આ રકમની પરત ચુકવણી પેટે તેમણે 75,036નો ચેક આપ્યો હતો, જે બેંકમાં જમા કરાવતા પરત ફર્યો (બાઉન્સ થયો) હતો. આ મામલે બેંક દ્વારા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-138 મુજબ ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

આ કેસની સુનાવણી નડિયાદના પાંચમાં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ. એમ. ગાંધીની અદાલતમાં હાથ ધરવામાં આવી હતી. બંને પક્ષોની દલીલો અને પુરાવાઓની ચકાસણી બાદ અદાલતે ભાઈલાલભાઈ પરમારને તકસીરવાર ઠરાવી ૩ માસની સાદી કેદની સજા અને 75,036ની રકમનો દંડ ફટકાર્યો હતો. જો 30 દિવસની અંદર દંડની રકમ ન ભરે તો વધુ 15 દિવસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

### સંતરામ મંદિરના પટાંગણમાં 131 ફૂટ લાંબી રંગોળી દ્વારા અનોખી




નડિયાદના પ્રસિદ્ધ સંતરામ મંદિર ખાતે 131 ફૂટ લાંબી વિશાળ રંગોળી તૈયાર કરવામાં આવી છે. સંતરામ વિદ્યાલયના સહયોગ અને રામદાસજી મહારાજની પ્રેરણાથી હિતેશકુમાર બ્રહ્મભટ્ટે વિવિધ રંગોનો ઉપયોગ કરી 7 કલાકની જહેમત બાદ આ આકર્ષક કૃતિ કંડારી છે. ‘હું નહીં ભૂલું, તમે પણ ન ભૂલતા’ના નારા સાથે તૈયાર કરાયેલી આ રંગોળી દર્શનાર્થે આવતા હજારો શ્રદ્ધાળુઓમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.

- જશવંતસિંહ રાઠોડ

### વડોદ પાસે કોથળાના ગોડાઉનમાં આગ

(પ્રતિનિધિ) આણંદ તા.23

વડોદ પાસેના રાવપુરામાં આવેલા ‘શાંતિનાથ પેકેજિંગ’ નામના શણના કોથળાના ગોડાઉનમાં આગ લાગી હોવાનો કોલ ફાયર બ્રિગેડને મળ્યો હતો. આગની ગંભીરતાને જોતા કરમસદ આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસનો કાફલો તુરંત રવાના કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં 2 મિની ફાયર ટેન્ડર, 2 વોટર બાઉજર અને 1 ગજરાજ વોટર બાઉજર સહિતના વાહનો જોડાયાં હતા. ફાયરના જવાનોએ સતત મહેનત કરી અંદાજિત 50 હજાર લિટર પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી.

# કરમસદમાં પોલીસ દ્વારા જપ્ત કરાયેલા વાહનોમાં આગ લાગી

**અચાનક લાગેલી** આગમાં કોઈ જાનહાનિ નહીં

**ફાયર** ફાઈટરોની સમયસૂચકતાથી મોટી હોનારત ટળી

(પ્રતિનિધિ) આણંદ તા.23

આણંદ જિલ્લાના કરમસદ પોલીસ સ્ટેશનની બાજુમાં રાખવામાં આવેલા જપ્ત કરેલા વાહનોમાં સોમવારે બપોરે અચાનક આગ ફાટી નીકળી હતી. આ બનાવની જાણ થતા જ કરમસદ-આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.



પ્રાપ્ત વિગતો અનુસાર, કરમસદ - આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના કંટ્રોલરૂમમાં ગુરૂવારની બપોરે કરમસદના પોલીસ સ્ટેશનની બાજુમાં જપ્ત કરી મૂકવામાં આવેલા વાહનોમાં આકસ્મિક રીતે આગ લાગી છે. આ આગની ગંભીરતાને જોતા ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ ફાયર બ્રિગેડની ટીમ ફાઈટર સાથે તુરંત રવાના થઈ હતી.

આ કામગીરીમાં સબ ફાયર ઓફિસર અબ્દુલભાઈ ભાથાણીયા, ફાયર ડ્રાઈવર હર્ષીલ પટેલ, ફાયરમેન હિતેશ વસાવા, કૌશિક દેવદા અને એક તાલીમાર્થી ફાયરમેન સહિતની ટીમે ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ પાણીનો મારો ચલાવી આગ બુઝાવી દીધી હતી. આગ કયા કારણોસર લાગી ? તે હજુ જાણી શકાયું નથી, પરંતુ ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીને કારણે આગ વધુ ફેલાતી અટકી હતી.

# એસપી યુનિ.માં ડિજિટલ સ્કીલ માટે વર્ચ્યુઓસ્કિલ સાથે કરાર કરાયાં

**સરદાર પટેલ** યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે રોજગારીના નવા દ્વાર

(પ્રતિનિધિ) આણંદ તા.23

આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં પણ ઉદ્યોગ જગતની જરૂરિયાત મુજબ તૈયાર કરવાના ઉદ્દેશ્ય સાથે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યું છે. યુનિવર્સિટીએ મુંબઈ સ્થિત ડિજિટલ સ્કીલ ડેવલપમેન્ટ પ્લેટફોર્મ વર્ચ્યુઓસ્કિલ સાથે ઐતિહાસિક સમજૂતી કરાર (MOU) કર્યા છે, જે આગામી પાંચ વર્ષ સુધી અમલમાં રહેશે.

આ કરાર હેઠળ, સરદાર પટેલ યુનિવર્સિટીના વ્યવસાય વ્યવસ્થાપન, અર્થશાસ્ત્ર અને વાણિજ્ય જેવા વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ હવે પોતાની ડિગ્રીની સાથે ઉદ્યોગ-સુસંગત સર્ટિફિકેશન પ્રોગ્રામ્સમાં પણ જોડાઈ શકશે. આ કાર્યક્રમ ખાસ કરીને એવા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે જેઓ બેન્કિંગ, નાણાકીય સેવાઓ અને વીમા (BFSI) ક્ષેત્રમાં પોતાની કારકિર્દી બનાવવા માંગે છે.

આ અંગે એસપી યુનિવર્સિટીના કુલપતિ ડો. નિરંજનભાઈ પટેલ અને વર્ચ્યુઓસ્કિલના સીઈઓ કલ્યાણ રામન વચ્ચે થયેલા આ કરારનો મુખ્ય હેતુ ઉચ્ચ શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચેનો તફાવત ઘટાડવાનો છે. આ પ્રસંગે સીઈઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ માટે ડિજિટલ યુગ સાથે કદમ મિલાવવા અને ઉદ્યોગ-ક્ષેત્ર માટે સુસજ્જ બનવું અનિવાર્ય છે.

પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટના વડા ડો. દર્શના દવેની સક્રિય પહેલથી સાકાર થયેલા આ કરારથી ગુજરાતના યુવાનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ બનાવી શકશે. આ સંયુક્ત પ્રયાસથી વિદ્યાર્થીઓને વાસ્તવિક ઉદ્યોગ-કૌશલ્યો શીખવા મળશે, જે તેમને ‘આત્મનિર્ભર’ બનાવવાની દિશામાં મક્કમ ડગલું છે.





ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**